સમરસ છાત્રાલય યોજનાની ગુજરાત
સમરસ છાત્રાલય સોસાયટીના હવાલે
રકમ જમા કરવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસમછા/૧૦૧૬/૬૦૭૬૪૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૧૧/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) સા. ન્યા. અને અવિભાગના તા.૧૫/૬/૨૦૧૬ ઠરાવ ક્રમાંકઃસમછા/૧૦૧૫/૮૫૨૧૪૧/ગ
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા:૪/૧૦/૨૦૧૬નો પત્ર ક્રમાંક-વિજાક-૨૦૧૬-સમરસ છાત્રા-ભંડોળ-૬૯૫.

ઠ રા વઃ-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા એસ.સી./ એસ.ટી. અને વિકસતી જાતિના વિધાર્થીઓ માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર એમ પાંચ યુનિવર્સિટીના દરેક સ્થળે ૧૦૦૦ વિધાર્થી અને ૧૦૦૦ વિધાર્થીનીઓ માટે એમ કુલ ૨૦૦૦ ની ક્ષમતાવાળા છાત્રાલયો તથા આણંદ ખાતે ૨૫૦ વિધાર્થી અને ૨૫૦ વિધાર્થીનીઓ મળી કુલ ૫૦૦ એમ સમગ્ર કુલ ૧૦૫૦૦ વિધાર્થીઓ /વિધાર્થીનીઓને રહેવા- જમવા તથા અન્ય વહીવટી કર્મચારીઓ તેમજ અન્ય સુવિધાઓ ઉભી કરવાની જરૂરીયાત છે. ઉકત જરૂરીયાત માટે કુલ રૂ.૨૨૭૬.૮૬ લાખની નવી બાબતની વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજ પત્રમાં સમાવેશ કરવા માટે વંચાણે લીધાં ક્રમ (૧) પરના તા:૧૫/૦૬/૨૦૧૬ના ઠરાવથી ત્રણેય ખાતાના કુલ રૂ. ૫૩૦.૫૮ લાખ મળી ખાતાદીઠ કુલ રૂ. ૨૨૭૬.૮૬ લાખ (૨૧૦૦.૦૦+૧૭૬.૮૬) મુજબ ત્રણેય ખાતાની કુલ રૂ. ૬૮૩૦.૪૮ લાખની વહીવટી મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ વંચાણે લીધાં ક્રમ (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા:૦૪/૧૦/૨૦૧૬ના પત્રથી સમરસ છાત્રાલય યોજનાની ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીના હવાલે રૂ. ૧૦ કરોડ ( અંકે રૂપિયા દસ કરોડ પુરા) રકમ જમા કરાવવા અંગેની દરખાસ્ત કરેલ હતી. જે સરકારની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રૂ.૧૦ કરોડ( અંકે રૂપિયા દસ કરોડ પુરા) રકમ ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીના હવાલે મુકવા નીચેની શરતોની આધીન મંજુરી આપવામાં આવે છે.

(૧) જમા રકમ અંગે તા. ૩૧/૧૨/૨૦૧૬ સુધી ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે

(૨) જમા કરાવેલ રકમ GSFS ખાતે ડીપોઝીટ તરીકે મુકવાની રહેશે.

(૩) ખાતાના વડાઓએ ખાત્રી કરવાની રહેશે કે, GSFS માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચૂકપણે જમા કરાવવાનું રહેશે.

(૪) આ જમા કરાવેલ રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.

(૫) ખર્ચ/ ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર-૨૨૨૫,અનુસૂચિતજાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૧૭) બીસીકે-૨૪ અનુ.જાતિ પેટા યોજના સરકારી છાત્રાલયોની સ્થાપના અને છોકરા અને છોકરી માટેના સરકારી સમરસ છાત્રાલયોના વિકાસ અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪-૧૦-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.બી.ઠાકોર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી( આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રાજય કક્ષાના માન.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર
સર્વે જિલ્લા અધિકારીશ્રીઓ,ની કચેરી, (કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, મારફત)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ નિયામકશ્રીઓ,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે નાયબ નિયામકશ્રીઓ,વિકસતી જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, વિકસતી જાતિ મારફત)
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

સર્વે નાયબ વિકસતીશ્રીઓ,વિકસતી જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, વિકસતી જાતિ મારફત)

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, અજાક મારફત)

બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર

કમ્પ્યુટર સેલ-શાખા, સા.ન્યા અને અધિ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.

સિલેકટ ફાઇલ-ગ